# Day to Day Current Affairs
## August – 2015

❖ ૨ ઓગસ્ટ, ૨૦૧૫ (રવીવાર)

### 1) ગાંધીનગરનો જન્મદિવસ :–

- આજે તારીખ ૨ ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ ગાંધીનગરનો ૫૧ મો જન્મ દિવસ છે.
- વર્ષ – ૧૯૬૫ માં આજના દિવસે ગાંધીનગરની સ્થાપના થઈ હતી.
- પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના શોકમાં ૫૧ વર્ષમાં પ્રથમ વખત ગાંધીનગરમાં તેના જન્મદિનની ઉજવણી નહી થાય

### 2) રાજયકક્ષાનો વનમહોત્સવ :–

- ૬૬ માં રાજયકક્ષાના વનમહોત્સવની ઉજવણી આજ તા. ૨ ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ જાનકીવનમાં થશે.
- નવસારી જિલ્લાના વાસંદાના ગાંધી મેદાન ખાતે સવારે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ઉપસ્થિતીમાં ઉજવણી થશે.

### 3) સાનિયા મિર્ઝા ખેલરત્ન માટે નોમિનેટ :–

- તાજેતરમાં ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસિએશન તરફથી રમત મંત્રાલયને ખેલરત્ન માટે સાનિયા મિર્ઝાના નામની ભલામણ કરી હતી.
- સાનિયા મિર્ઝાને વર્ષ – ૨૦૦૪ માં અર્જુન એવોર્ડ અને વર્ષ – ૨૦૦૬માં પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરાઈ ચૂકી છે.
- ખેલરત્નની રેસમાં અન્ય ખેલાડીઓ દીપિકા પલ્લીકેલ (સ્કવોશ) અને વિકાસ ગૌડા (ડિસ્કસ થ્રો) પણ છે.

### 4) વિશ્વમાં અપહરણમાં ભારત બીજા સ્થાને :–

- તાજેતરમાં યુકે સ્થિત કંન્ટ્રોલ રિસ્ક દ્વારા જારી કરાયેલા આંક પ્રમાણે વિશ્વમાં અપહરણની ઘટનામાં ભારત બીજા ક્રમે છે.
- આ યાદીમાં પ્રથમ ક્રમે મેકિસકો, ત્યારબાદ ભારત અને ત્રીજા સ્થાને પાકિસ્તાન છે.

### 5) હોંશિયારસિંહ :–

- તાજેતરમાં તલવારબાજીના રાષ્ટ્રીય ખેલાડી હોંશિયારસિંહનું રેલ અકસ્માતમાં અવસાન.
- 'રોકી' નામે જાણીતા હોંશિયારસિંહ મથુરાના વતની હતા.

### 6) સ્પીપા દ્વારા પાંચ સૈન્ટ્રલ ગવર્નમેન્ટ રિક્રુટમેન્ટ સ્ટડી સૈન્ટરો ખોલાયા :–

- સરદાર પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (સ્પીપા)માં પાંચ સેન્ટ્રલ ગવર્નમેન્ટ રીક્રુટમેન્ટ સ્ટડી કેન્દ્રો ખુલ્લા મુકવામાં આવ્યા.
- જેમાં અમદાવાદમાં બે અને વડોદરા, સુરત અને મહેસાણામાં એક એક કેન્દ્રનો સમાવેશ થાય છે.
- આ કેન્દ્રોમાં ચાર માસના કોર્ષમાં સરકારી નોકરીઓ માટેની તમામ જાણકારી આપવામાં આવશે.
- સરકારના મુખ્ય સચિવ જી. આર. અલોરિયાની ઉપસ્થિતિમાં આ કેન્દ્રો ખુલ્લા મુકાયા હતા.

### 7) રણવિરસિંહ સૈની :–

- સ્પેશિયલ ગેમ્સમાં ૧૪ વર્ષના ગોલ્ફર રણવીરસિંહ સૈનીએ ગોલ્ડમેડલ જીત્યો.
- ગુડવાંવનો રણવીર એવો પહેલો ભારતીય બની ગયો છે જેણે ઓલિમ્પિક ગોલ્ડમેડલ જિત્યો હોય.
- રણવીર બે વર્ષથી પણ નાની વયથી ઓટિઝમથી પીડાય છે.
- રણવીરે બે વર્ષ પહેલા એશિયા પેસેફિક વર્લ્ડ ગેમ્સમાં બે ગોલ્ડ મેડલ જીતી અનોખો વિક્રમ સર્જ્યો હતો.

Vivekanand Academy Gandhinagar